GJBK210002102026

**CC NO.187-2026**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી સમરી ફોર્મથી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી. આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક, કાયદા મુજબની જણાય છે. મે તેઓને ગુનાની કબુલાતના પરીણામ અંગે તેમજ કાયદામાં સજાની જોગવાઈ અંગે જણાવેલ છે. તેમ છતાં તેઓ કબુલાતને વળગી રહેલ છે અને રહેમદ્રષ્ટિી રાખવા વિનંતી કરેલ છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૨) આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની **કલમ–૬૫.એએ** મુજબના સામાન્ય ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ/મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૩) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્ર ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી લેબાભાઈ પ્રહલાદભાઈ માજીપરાણા ને બી.એન.એસ.એસની કલમ-૨૬૪ અન્વયે બોમ્બે પ્રોહી. ધારાની **કલમ-૬૫.એએ** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/- (અંકે રુપિયા એકસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તો તે દિવસો બી.એન.એસ.એસ.ની કલમ-૨૯૭ મુજબ બાદ આપવા.

(૪) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો કાયદાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પે.શીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:લાખણી.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(કુલદિપ આર. શર્મા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,લાખણી
CODE NO.GJ01641